श्री

गायकवाडी राज्यकी

पुस्तक

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

अमदावादमी

[illegible]

[illegible]

सन १८९४ [illegible] शके १८१६.

[illegible]

[illegible]

गायकवाडी राज्यनी भूगोळ.

રાવસાહેબ પરમાનંદ ભોળાભાઇ મુનસી.

વડોદરા ફર્સ્ટક્લાસ મુનસીફ હાલ સ્પેસીયલ ડયુટી ઓફીસર હજુર રેવિન્યુ ડિપાર્ટ- મેન્ટ વડોદરા રાજ્ય

રચીને પ્રસિદ્ધ કરી.

ચોથી આવૃત્તિ.

(નકલ ૫૦૦૦)

अमदावादमां

આસ્ટોડિયા ચકલાની સડક ઉપર શા. મા૦ જે૦ મકાનમાં

આર્યોદય પ્રેસમાં છાપી.

સંવત્ ૧૯૪૫ બ્રહ્મસંવત્ ૫૮ ઈ૦ સ૦ ૧૮૮૯

કીંમત એક આનો.

સૂચના.

ગાયકવાડી રાજ્યની ભૂગોળ.

હિંદુસ્તાનના પશ્ચિમ ભાગે મુંબાઈ ઇલાકાનાં દેશી રાજ્યોમાં સર્વેથી મોટું આ રાજ્ય આવેલું છે. એ રાજ્યમાં એકંદર ગામ *૨૯૩૧ તથા †૨૧૫૮૮૫૯ માણસની વસ્તી છે. એનું ક્ષેત્રફળ ૮૫૭૦ ચો૦ માઈલ છે. એનો ઘણોખરો ભાગ ગુજરાતમાં છે; બાકીનો થોડોક ભાગ કાઠિયાવાડમાં છે. આ રાજ્યના પરગણાં આખા ગુજરાત સાથે સેળભેળ છે. તેથી એની સીમા લખવી મુશ્કેલ છે. ગુજરાતમાં જે ભાગ છે તેની સીમા નીચે પ્રમાણે છે.

પૂર્વે—ઈડર સંસ્થાન, પરાંતીજ પરગણું, મહિકાંઠો, ખેડા જીલ્લો, પંચમહાલ, રેવાકાંઠો અને ખાનદેશ જીલ્લો છે. દક્ષિણે વાંસદા સંસ્થાન, સુરત જીલ્લો, અને રાજપીપળાનો કાંઈક ભાગ છે. પશ્ચિમે ખંભાતનો અખાત, સુરત જીલ્લો, ભરૂચ જીલ્લો, ખંભાતનું સંસ્થાન, અમદાવાદ જીલ્લો અને મહિકાંઠો છે. ઉત્તરે—રાધનપુર સંસ્થાન, પાલણપુર સંસ્થાન અને ઈડરનો કાંઈક ભાગ છે.

કાઠિયાવાડ, પાલણપુર, મહિકાંઠા અને રેવાકાંઠાના તાલુકદારો પાસેથી આ રાજ્યની લહેણી ખંડણી અંગ્રેજ સરકાર વસુલ કરી શ્રીમંત ગાયકવાડ સરકારને પહોંચાડે છે. વળી ખાનદેશમાં **वजपुरतराज** ગાયકવાડ સરકારને તાબે છે.

આ રાજ્યના વહીવટ માટે ચાર રાજકીય ભાગ પાડવામાં આવેલા છે, અને તે દરેક ભાગને પ્રાંત કહે છે. તેનાં નામ-ઉત્તરે **१ काडिप्रांत**, પૂર્વે એટલે મધ્યમાં **२ वडोदराप्रांत**, દક્ષિણે **३ नवशारीप्रांत**, અને પશ્ચિમે **४ अमरेलीप्रांत**.

१ कडी प्रांत.

આ પ્રાંતની ઉત્તરે રાધનપુર તથા પાલણપુર; પૂર્વે ઈડર

* આમાં આણોદ ગણ્યું છે. † પણ વસ્તીમાં ગણ્યું નથી.

સંસ્થાન, પરાંતીજ પરગણું તથા મહિકાંઠા એજન્સી; દક્ષિણે ખેડા તથા અમદાવાદ જીલ્લો અને પશ્ચિમે અમદાવાદ જીલ્લો, મહિકાંઠા એજન્સી તથા વઢિયાર પરગણું છે. એ પ્રાંતમાં ૧૦૮૭ ગામ તથા ૯૮૮૪૮૭ માણસની વસ્તી છે. વળી આ તાલુકામાં ડીસા અને સાદરા છાવણીઓ છે. પણ તેના વસ્તીના આંકડા મળ્યા નથી તેથી ગામોમાં પણ તે બે ગામ વધાર્યા નથી. એનું ક્ષેત્રફળ ૩૧૫૮ ચો. માઇલ છે.

મુખ્ય નદીઓ—१ साबरमती ઇશાનમાં અરવલીના ડુંગર પાસેથી નીકળી નૈરૂત્યમાં વહીને ખંભાતના અખાતને મળે છે. २ खारी. ३ मेश्वो. ४ बनास. ५ सरस्वती. ६ रुपेण. ७ वात्रक. સિવાય નાની નદીઓ ઘણી છે.

આ પ્રાંતમાં મુખ્ય ધંધો ખેતીનો છે અને જમીન ઘણુંકરી ખેડાણ તથા સપાટ મેદાન છે. એમાં આગગાડીની સડક થઇ પાલણપુર સુધી ગઇ છે.

મુખ્ય નીકાસ—ઘઉં, બાજરી, જુવાર, જવ ઇત્યાદિ ધાન્ય, તમામ જાતનું કઠોળ, સરસવ, અફીણ, શેરડી, કપાસ અને એરંડી વગેરે.

આ પ્રાંતમાં સરકાર ખર્ચથી એકંદર ૬૫ નિશાળો ચાલેછે.

એમાં નીચે લખ્યા પ્રમાણે મુખ્ય તાલુકા ૧૦ અને પેટા તાલુકા हारीज. आतरसुंबा, અને वडनगर છે.

१ पाटण. २ वडावली. ३ महेसाणा. ४ काडी. ५ कलोल. ६ देहगाम. ७ विजापुर. ८ विशनगर. ९ खेरालु. १० सिद्धपुर.

१. पाटण तालुको.

આ તાલુકામાં ૧૩૯ ગામ તથા ૧૨૦૮૩૦ માણસની વસ્તી છે.

નદિયો—सरस्वती પૂર્વ પશ્ચિમ વહી કચ્છના રણમાં સમાઈ જાયછે. २ बनास.

મુખ્ય શહેર તથા ગામ—મુખ્ય શહેર १ पाटण એમાં

૩૨૭૧૨ માણુસની વસ્તી; સરકારી ગુજરાતી, મરાઠી, ગુજરાતી કન્યાશાળા અને ઍંગ્લો વર્નાક્યુલર સ્કૂલ; પોષ્ટ આફીસ, દીવાની ફોજદારી કચેરીઓ, ઇસ્પિતાળ, અને સુધરાઇખાતુ છે.

२ बालीसणा (व० ९००२). ३ मणोद. ४ रणोज. ५ कंथराटी. ६ संडेर. ७ कुणघेर. ८ वागडोद. એ મોટાં ગામો છે.

જોવા લાયક જગા—પાટણમાં શ્રીજીનેશ્વર મહાદેવની જગો, શ્રી કાળકા માતાની જગો. રાણુકીવાવ અને કૂવો, તથા વનરાજ ચાવડાની મૂર્ત્તિ.

કારીગરીની વસ્તુઓ—માટીનાં વાસણ, સૂડીઓ, પટોળાં તથા કંકુ વગેરે વખાણુવા લાયક બનેછે.

જાણવા જેવી હકીકત—કાળકા માતાનો જૂનો કિલ્લો છે. તેની પાછળ જમીનમાં પથ્થરની ખાણો છે. તેમાંથી આરસપહાણ વિગેરે જૂદી જૂદી જાતના પથ્થરો નીકળેછે 'એટલુંજ નહીં પણ ઘડેલી મૂર્તિઓ પણ નિકળે છે. પાટણમાં પંચાસર રાજાનું સ્થાન છે. અહીં શ્રાવકો જાત્રા માટે આવે છે. વનરાજ ચાવડાએ પાટણ શહેર સંવત ૮૦૨ માં વસાવ્યું હતું. એ શહેર પાસે સિદ્ધરાજ જયસિંહે બંધાવેલું સહસ્રલિંગ તળાવ છે. તેની વચ્ચે રાણીના મેહેલની નિશાની છે. કરણ રાજાએ બંધાવેલું કરણસાગર તળાવ હાલ જીર્ણ થઇ ગયું છે. ગુજરાતની અસલ રાજધાની આ શહેરમાં હતી. ત્યાર પછી મુસલમાનના વખતમાં અમદાવાદમાં થઇ. આ શહેર પાસે સરવરખાં લોદીનું બંધાવેલું એક સરોવર છે. તેમાં હાલ પાણીની આવક બંધ પડી છે.

પેદાસ-બાજરી, જુવાર, કઠોળ, સરસવ, એરંડી, ઘઊં વિગેરેછે.

पेटा तालुको हारीज.

એ પેટા તાલુકામાં ૪૮ ગામ અને ૨૬૨૮૨ માણુસની વસ્તી છે. અહીંઆં એક મહાલકરી તથા ફોજદાર રહે છે. મુખ્ય ગામ हारीज એમાં ૧૬૮૫ માણુસની વસ્તી અને એક ગુજરાતી નિશાળ છે.

२ वहावली तालुको.

આ તાલુકામાં ૧૧૧ ગામ તથા ૯૧૬૪૩ માણુસની વસ્તી છે.

નદી—રુપેણ પૂર્વ પશ્ચિમ વહી આ તાલુકાનાં ઘણાં ગામોમાં થઇ છેવટે ઝીંઝુવાડાના રણમાં ફેલાઈ જાયછે.

મુખ્ય ગામ—૧ वडावली એમાં ૨૫૯૩ માણસની વસ્તી છે. ૨ चाणसमां અહીં મુલકી તથા ફોજદારી કચેરી છે. ३ घीणोज. ४ संखलपुर. ५ मुढेरा. ६ प ळा.

તીર્થની જગા—वहुचरामातानु देवळ બહુસર ગામમાં છે. એ માતાજીના ખર્ચખાતે સરકાર તરફથી ધર્માદા ત્રણ ગામ આપેલાંછે. એમાં મુખ્ય ગામ સંખલપુર છે. એ દેવળ જોવા લાયક છે. માતાના ગોખનું જે ઉત્પન્ન થાયછે તેમાંથી જતા આવતા નિરાશ્રિત-લૂલાં લંગડાં વગેરે અપંગ માણસોને સદાવ્રત આપતાં જે વધેછે તે કાલરી ગામના ગરાસીઆ અને માતાના કમાળીઆ દશ અને છ આની અનુક્રમે વહેંચી લેછે. આ તમામ ઉપજની દેખરેખ સરકાર રાખેછે. એ માતાજીના મોટા મેળા બે, ચઇતર શુદ ૧૫ અને આસો શુદ ૧૫ના ભરાયછે. તે વખતે ગુજરાતના હરેક ભાગના લોકો તથા રાજા રજવાડા જોવા સારૂ આવેછે. એ દેવળને ફરતો મોટો કોટ છે. તેની બહાર એક મોટું તળાવ છે. સિવાય એક માનસરોવર નામે કુંડ છે. તેમાં નાહ્યા સિવાય જાત્રાળુ લોકો દર્શન કરવા જતા નથી. સંખલપુર ગામે માતાજીના ટોડા છે. ત્યાં પણ માતાજીનો ગોખ છે.

જાણવા જોગ હકીકત—આ તાલુકાનાં તમામ ગામ આગળ પાટણ તાલુકામાં હતાં. પણ સંવત ૧૯૩૩ ની સાલમાં આ તાલુકો જૂદો પાડયો. મુઢેરા પ્રાચીનકાળમાં મોટું અને ભારે વસ્તીવાળું શહેર હતું એવું તેના દેખાવ ઉપરથી અને પડી ગએલાં ખંડેર ઉપરથી જણાય છે. એ ગામની ઉત્તરે એક ઘણો મોટો અને જોવાલાયક કુંડ છે. તે રામકુંડ નામે ઓળખાય છે. એ કુંડનું પાણી ઘણું ખારૂં છે. પણ ઘણા લોકો જાતું તીર્થ જાણી ત્યાં નહાવા સારૂં આવે છે. એની પાળ ઉપર એક પથ્થરથી બાંધેલું જીર્ણ થએલું મોટું દેવળ છે. તેમાં દેવમૂર્તિ નથી. પણ એવું કહેવાય છે કે ત્યાં રામચંદ્રજીને માટે ચોરી કરી હતી. એ દેવળનાં ખૂણામાં એક ભોંયરૂં છે. પણ તેનો થોડોક ભાગ પૂરાઇ ગએલો છે.

ઉપજ—બાજરી, જુવાર, ઘઉં, મગ.

३ महेसाणा तालुको.

આ તાલુકામાં ७८ ગામ તથા ७१५०० માણુસની વસ્તીછે.

નદીઓ—१ रूपेण. २ खारी.

મુખ્ય ગામ—१ महेसाणा એમાં ८५८२ માણુસની વસ્તી, મુલકી તથા ફોજદારી કચેરી, પોષ્ટ આફીસ અને સરકારી ગુજરાતી નિશાળ છે. २ बलोळ. ३ लींच. ४ पांचोट. ५ माकणज. ६ खेरवा.

વેપારની જણસ—સરખત છે.

જોવા લાયક તથા તીર્થની જગા—ખારા અને મીઠાના મહાદેવ એ તીર્થની જગા છે. ખેરવા ગામે મહાદેવનું જૂનું દહેરૂં જોવા લાયક છે.

ઉપજ—જુંવાર, બાજરી, સરસંવ, મગ, મઠ, ઘઊં અને આડદ છે.

४ तालुके कडी.

એ તાલુકામાં ११० ગામ તથા ८८७३३ માણુસની વસ્તીછે.

નદી—આ તાલુકામાં જાણવા લાયક નદી નથી.

મુખ્ય ગામ—१ કિલ્લે कडी એમાં १६६८९ માણુસની વસ્તી, ગુજરાતી, મરાઠી, અને અંગ્રેજી સ્કૂલ, પ્રાંત ન્યાયાધીશ, પ્રાંત સુબા, નાયબ સુબા, દીવાની ફોજદારી વગેરે અમલદારની કચેરીઓ, સુધરાઇ ખાતુ, પોષ્ટ આફીસ અને ઇસ્પિતાળ છે. વળી આ પ્રાંતનો જેલર પણ અહીંઆંજ રહેછે. એ શહેરનો કિલ્લો અને મલ્હારરાવ ગાયકવાડની જૂની હવેલી જોવા લાયક છે. એમાં ખારવાં, ખોળીઆં, જસતની સીરોઇઓ, તાંબા પીતળનાં વાસણ અને દેવપૂજાનાં ચાંદીનાં વાસણ બનેછે. २ थोळ. ३ वामज. ४ आद्रज. ५ कंड. ६ वहु. ७ खावड. ८ राजपुद

ઉપજ—ઘઊં, બાજરી, મઠ, મગ, કપાસ, જુવાર, સર-

સવ, ચણા વિગેરે થાય છે.

५ कलोल तालुको.

એ તાલુકામાં ૮૭ ગામ તથા ૮૯૦૭૯ માણસની વસ્તી છે.

નદી—साबरमती.

મુખ્ય ગામ—१ कलोल એમાં ૩૩૧૪ માણસની વસ્તી, મુલકી તથા ફોજદારી કચેરી અને પોષ્ટઆફીસ છે. २ नारदीपुरમાં સરકારી ગુજરાતી નિશાળ છે. ३ वासणा.

જોવા લાયક તથા तीर्थनी જગા— ૭ માળની પથ્થરની વાવ અને વાસણામાં મહાદેવનું દેવાલય છે. સાબરમતી ને કાંઠે ઘોળેશ્વર મહાદેવનો મેળો ભરાય છે.

ઉપજ—બાજરી, જુવાર, ગઠ, ડાંગર.

६ देहगाम तालुको.

એ તાલુકામાં. ૯૬ ગામ તથા ૬૪૫૮૪ માણસની વસ્તી છે.

નદીઓ—१ साबरमती. २ खारी. ३ मेश्वो. આ ત્રણે નદીઓ આ તાલુકામાંથી ઉત્તર દક્ષિણે વહીને જાયછે.

મુખ્ય ગામ—કસ્બે देहगाम. એમાં ૪૯૫૨ માણસની વસ્તી, સરકારી ગુજરાતી નિશાળ, દીવાની ફોજદારી કચેરીઓ અને વહીવટદાર કચેરી છે. २ हीएल. ३ कठवाडा. ४ छला. ५ धारीसणा. ६ नांदोल. ७ भावडा. ८ सांपा.

જોવા લાયક જગા—સાંપાની વાવ અને હાલીસાનો ભમરીઓ કૂવો. પલ્લાના મઠમાં શિવરાત્રિએ મેળો ભરાય છે.

पेटा तालुको आतरसुंबा.

એમાં ૫૯ ગામ તથા ૨૭૮૪૭ માણસની વસ્તી છે.

નદીઓ—१ वात्रक. २ बरांसी. ३ धामणी.

મુખ્ય ગામ—કસ્બે आतरसुंबा એમાં ૨૯૨૦ માણસની વસ્તી, સરકારી ગુજરાતી નિશાળ, મહાલકરીની કચેરી અને પ-

રિપતાળ છે. સિવાય જાણવા લાયક મોટું ગામ નથી. અહીંનું લવાર કામ એટલે છરા, છરીઓ, લોઢીઓ, તાવડીઓ વગેરે સારૂં થાયછે. આ તાલુકાને તાબે ગાંડવાનું સંસ્થાન છે. એ તાલુકામાં ઘોધ, કોતરો ઘણાં છે.

તીર્થની જગા—મોજે વાઘજીપુર ગામે વાત્રક નદી ઉપર શ્રી ઉત્કંઠેશ્વર એટલે ઊંટડીઆ મહાદેવની પુરાતન જગા છે. ઘણે દૂરથી લોકો જાત્રા માટે આવેછે. એ જગો ઘણી અલૌકિક અને જોવા લાયક છે. સંગમના વરસ ઉપર એ મહાદેવને નવરાવવા સારૂ ગંગા આવેછે અને અંતરિક્ષે ધજા એની મેળે ચઢેછે એવી લોકવાર્તા ચાલેછે. અહીંથી ત્રણ ગાઉ ઉપર કેદારેશ્વર મહાદેવની જગો પણ ઘણી જૂની અને જોવા લાયક છે.

ઉપજ—બધી જાતનું અનાજ અને અફીણ થાયછે.

૭ तालुके विजापुर.

આ તાલુકામાં ૧૨૫ ગામ તથા ૧૪૩૪૬૭ માણસની વસ્તી છે.

નદી—साबरमती.

મુખ્ય ગામ—१ विजापुर એમાં ૧૦૦૮૧ માણસની વસ્તી, મુલકી, ફોજદારી તથા દીવાની કચેરી અને સરકારી ગુજરાતી નિશાળ છે. २ लाडोल ३ वसई ४ गोजारीआ ५ लाघणज. વિજાપુરમાં અફીણનો રોજગાર સારો ચાલે છે.

ઉપજ—બાજરી, જુવાર, ઘઉં, કડોળ.

૮ तालुके विशनगर.

એમાં ૫૮ ગામ અને ૮૧૮૪૨ માણસની વસ્તી છે.

નદી—रुपेण.

મુખ્ય ગામ—१ विशनगर. એમાં ૧૯૬૦૨ માણસની વસ્તી, પ્રાંત ન્યાયાધીશ અને તેનો આસિસ્ટંટ, ફોજદારી, દીવાની અને મુલકી કચેરીઓ, પોષ્ટઓફીસ, ઈસ્પિતાળ, સરકારી

નિશાળ અને સુધરાઇખાતુ છે. २ वालम. ३ मांहु, ४ कमाणा.

વેપારની વસ્તુઓ—કંસારા લોકો તાંબા પીતળનાં વાસણ પુષ્કળ કરે છે.

ઉપજ—અફીણ, બાજરી, જુવાર, સરસવ, ઘઊં અને તુવેરો વગેરે કઠોળ.

९ तालुके खेराळु.

એમાં ૬૯ ગામ અને ૫૭૫૪૪ માણસની વસ્તી છે.

નદી—रूपेण.

મુખ્ય ગામ—કસ્બે १ खेराळु એમાં ૮૫૨૮ માણસની વસ્તી, મુલકી તથા ફોજદારી કચેરીઓ, સરકારી ગુજરાતી નિશાળ અને પોષ્ટ આફીસ છે. २ सीपोर, ३ उमता, ४ सुंढीआ, ५ मंडाळी, ६ जासका, ७ कुणाव, ८ बलाद, ९ उमोडा.

જાણવા જોગ હકીકત—સીપોર ગામે મોટું તળાવ છે તેમ તારંગાથી પાણી આવે છે. મુખ્ય વેપાર અફીણનો ચાલે છે. રૂપેણ કિનારે વૃંદાવન મહાદેવનું દેવળ છે.

पेटा तालुके वडनगर.

એમાં ૨૪ ગામ તથા ૩૦૦૫૭ માણસની વસ્તી છે.

નદી—रूपेण.

મુખ્ય ગામ—કસ્બે १ वडनगर એમાં ૧૫૪૨૪ માણસની વસ્તી, સરકારી ગુજરાતી નિશાળ, મુલકી ફોજદારી કચેરીઓ સુધરાઈખાતુ અને પોષ્ટઆફીસ છે. સિવાય જાણવા લાયક કોઈ મોટું ગામ નથી.

કારીગરી—લવાર લોક પીતળની કેરીઓ, દાબડા વગેરે બનાવે છે.

જોવા લાયક જગા-હડકેશ્વર મહાદેવ તથા સર્મિષ્ટા તળાવ છે.

તીર્થ—વિશ્વામિત્રી, ગવરીકુંડ, વિષ્ણુપાદોદકી.

ઉપજ—જુવાર, બાજરી, અફીણ વગેરે.

१० सिद्धपुर तालुको.

એમાં ૮૩ ગામ અને ૯૫૦૭૯ માણસની વસ્તી છે.

નદીઓ—१ सरस्वती. २ अमरदखी. ३ मोहोवी. ४ खारोयोहो.

મુખ્ય ગામ—१ सीद्धपुर એમાં ૧૩૫૦૫ માણસની વસ્તી, મુલકી, ફોજદારી તથા દીવાની કચેરીઓ, પોષ્ટઆફીસ, સરકારી ગુજરાતી નિશાળ ને સુધરાઈખાતુ છે. २ उंझा. (व० १०४५४) ३ उनावा. ४ उरदोर. ५ उपर. ६ ब्राह्मणवाडा, ७ कांबली. વગેરે મોટાં ગામ છે.

મુખ્ય વેપારની જણસો—કાપડ, તેલ, એરંડીયું, સરસીયું અને અફીણ અફીણના વેપાર બંધ પાડી સરકારે પોતાને સ્વાધીન કરી લીધો છે.

જોવાલાયક તાથા તીર્થની જગાઓ—રૂદ્રમાળો એ સોળંકીવંશના મૂળરાજે બંધાવેલો છે. સિવાય બિંદુસરોવર, જ્ઞાન વાવ, અલપાસરોવર, ગોવિંદ માધવ અને સરસ્વતી એ તીરથનાં જગાઓ છે. સિદ્ધપુરમાં માતૃશ્રાદ્ધ થાયછે. એ ગામ હિંદુઓનું ધરમક્ષેત્ર ગણાયછે. ઉંઝા ગામમાં કડવા કણબીની કુળદેવી અને મહાલક્ષ્મીનું મંદીર છે. મેત્રાણા ગામે શ્રાવકોના ગોડીપારસનાથનું દેવળ છે. ઉનાવા ગામમાં મુસલમાન લોકોનાં મીરાંદાતારની જગા છે. ત્યાં મેળો ભરાય છે.

ઉપજ—બાજરી, જુવાર, ઘઊં, અફીણ, સરસવ, જવ અને કઠોળ.

———o※o———

२ वडोदरा प्रांत.

આ પ્રાંતની ઉત્તરે ખેડા જીલ્લો; પૂર્વે રેવાકાંઠો અને પંચમહાલ; દક્ષિણે રાજપીપળાનું સંસ્થાન અને ભરૂચ જીલ્લો; પશ્ચિમે ભરૂચજીલ્લો અને ખંભાતનું સંસ્થાન છે. એ પ્રાંતમાં કુલ ગામ *૮૬૪ તથા † ૭૫૬૮૦૭ માણસની વસ્તી છે. એનું ક્ષેત્રફળ

---

* ગામમાં આણંદ ગણ્યું છે પણ † વસ્તીમાં આણંદની વસ્તી આવી છે એમ સમજવું નહીં.

શહેર વડેદરાનું ૫ ચો. મા. તથા વડોદરા કાંપનું ૧ ચો. મા. સુદ્ધાં ૧૬૧૨ ચો. માઇલ છે.

નદી નાળાંએ પાડેલાં કોતર બાદ કરતાં બાકીની જમીન ઘણું કરીને ખેડાણ અને સપાટ છે. જાણવા લાયક ડુંગર નથી.

મુખ્ય નદીઓ—૧ नर्मदा. આ ગુજરાતમાં સૌથી મોટી નદી છે. એનાથી આ પ્રાંતની દક્ષિણ સીમા થાય છે. એ અમરકંટકના મેદાનમાંથી નીકળી પૂર્વ પશ્ચિમ વહી ખંભાતના અખાતને મળેછે. એ ઘણી મોટી અને ઊંડી છે. એ વડે બહોળો વેપાર ચાલેછે. ૨ मही એ પશ્ચિમ વાહીની છે. એ ઉમેટા અને દહેવાણ ગામ આગળ થઇ ખંભાતના અખાતને મળે છે. ૩ ढाढर જાંબુઘોડાના ડુંગરમાંથી નીકળી ટંકારીઆ બંદર આગળ સમુદ્રને મળે છે. ૪ विश्वामित्री એ પાવાગઢના ડુંગરમાંથી નીકળી ડુભાડ ને પીંગળવાડાની હદમાં થઇ સોખડા રાજુ પાસે ઢાઢરને મળે છે. આ સિવાય નાની નદિયો ઘણી છે.

મુખ્ય નિકાસ—ગામોમાં મુખ્ય ધંધો ઘણું કરીને ખેતીનો છે. ખેતીની મુખ્ય ઉપજ ચોરાસીમાં ડાંગર, કોદરા; * કાનમમાં કપાસને જુવાર; † વાકરમાં ગહુ, બાજરી, તુવેર વગેરે તમામ જાતનું કઠોળ, કોદરા, તમાકુ, શેરડી વગેરેની થાયછે.

નર્મદા અને મહીના પૂલ જોવાલાયક છે. આ પ્રાંતમાં અંગ્રેજી રેલવેસ્ટેશન ચાર અને ગાયકવાડી રેલવેસ્ટેશન ચાર છે.

આ પ્રાંતમાં નીચે લખેલા ૯ તાલુકા તથા પેટા તાલુકા સીસવા અને તીલકવાડા એવા બે છે.

१ पेटलाद २ पादरा ३ चोरंदा ४ शीनोर ५ चाणोद ६ डभोई ७ संखेडा ८ जरोद ९ वडोदरा.

આ તાલુકાઓમાં સરકાર ખર્ચથી ૭૯ નિશાળો ચાલે છે. દરેક તાલુકામાં વહીવટદાર અને ફોજદાર રહેછે.

---

*નર્મદા અને ઢાઢર વચ્ચેની જમીનને ઘણુ કરીને કાનમની જમીન કહેછે. એ જમીન કાળી ચીકણી અને ભરેંડા વાળી હોયછે. † ઢાઢરની બેલી તરફની અને મહીની વચ્ચેની તથા મહીની પેલી તરફની જમીનને ઘણુ કરીને વાકરની જમીન કહેછે એ જમીન ઘણુ કરી ગોરાડુ ને રેતાળ હોયછે.

१ पेटलाद तालुको.

એમાં ૭૫ ગામ તથા ૧૪૭૪૪૦ માણુસની વસ્તી છે.

નદીઓ—१ मही. २ शेढी.

અખાત—खंभातनो રાજપુર ગામ આગળ છે.

મુખ્ય ગામ—કસ્બે १ पेटलाद એમાં ૧૪૪૧૮ માણસ-ની વસ્તી; અંગ્રેજી, ગુજરાતી નિશાળ ને કન્યાશાળા, મરાઠી શાળા અને ઉરદુ નિશાળ; સુધરાઇ ખાતુ, પોષ્ટઆફીસ, દીવાની ફોજદારી, મુલકી કચેરીઓ અને ઈસ્પિતાળ છે. २ सोजीत्रा (વ૦ ૧૦૨૫૩). ३ वसो (વ૦ ૭૦૧૪). ४ नार (વ૦ ૭૩૨૮). ५ पीज (વ૦ ૬૨૯૪). ६ धर्मज (વ૦ ૪૬૦૬) ७ बाकरोळ. ८ कासर (૪૦૭૩). ९ चांगा (વ૦ ૪૧૯૭.) १० भोगरी. ११ बांधणो (વ૦ ૩૫૯૯).

જાણવાજોગ હકીકત—પેટલાદમાં અરજુનશા પીરનું પ્રાચીન ઠેકાણું છે- ત્યાં રજબ માસમાં મુસલમાન લોકોનો મોટો મેળો ભરાય છે. સોજીત્રામાં સુતારી, લુહારી, અને ડબગરનું કામ સારૂ થાય છે અને એમાં અંગરેજી, ગુજરાતી તથા કન્યાશાળા છે. વસોમાં રામસરોવર ચોતરફ પથ્થરથી બાંધેલું અને રમણિક છે. પીજમાં કપીળેશ્વર મહાદેવનું દેવળ છે.

ઉપજ—બાજરી, જુવાર, ડાંગર ઈત્યાદી ધાન્ય; શેરડી, કસુંબો, તમાકુ, કપાસ વગેરેની છે.

पेटा तालुके सीसवा.

એમાં ૩૧ ગામ અને ૪૮૫૮૬ માણુસની વસ્તી છે.

નદી—मही.

મુખ્ય ગામ—१भादरण એમાં મહાલકરી રહેછે. सीसवा ३ वालवोड (વ૦ ૩૧૪૭) ४ झारोळा. ५ बामणगामा. ६ काणीशा, અહીં શ્રી કામેશ્વર મહાદેવનું દેવળ છે અને કુંડ છે. ત્યાં શ્રાવણ માસમાં જાત્રા ભરાય છે.

ઉપજ—બાજરી, જુવાર, ડાંગર ઇત્યાદિ૦ ધાન્ય છે.

२ पादरा तालुको.

એમાં ૮૬ ગામ અને ૮૬૭૦૫ માણુસની વસ્તી છે.

નદીઓ—૧ मही એ આ તાલુકાની ઉત્તરે છે. २ ढाढर દક્ષિણે અને પૂર્વે ૩ विश्वामित्री છે.

મુખ્ય ગામ—૧ पादरा એમાં ૭૬૬૮ માણુસની વસ્તી, ફોજદારી મુલકી કચેરીઓ અને સરકારી ગુજરાતી નિશાળ છે. એમાં રૂ દાબવાનું એક મોટું યંત્ર છે. २ डबका. ३ दरापरा. ४ रणु. ५ भोज. ६ डभासा. ७ मासर.

જાણવા લાયક હકીકત—ડબકા મહી નદી ઉપર છે. અહીંની હવા સારી છે. આસપાસ ભાઠાંનાં જંગલ છે. તેથી ઘણું કરી દર વરસે શ્રીમંત ગાયકવાડ સરકાર તથા સાહેબ-લોકો અહીં આવે છે. એમાં ગાયકવાડ માહારાજની હવેલી જોવા લાયક છે. રણુમાં તુલજા માતાનું મંદીર છે. ત્યાં આસો શુદ ૮ ઉપર લોક જાત્રા માટે આવે છે. ડબકામાં પાળેલા શિકારી જાનવરો રાખવામાં આવે છે.

નિકાસ—વેપારની જાણસો, ખાદી, લાલ ખારવાં તથા કાળા અલાયચા પાદરામાં થાય છે. વળી ગળીના કુંડ પણ છે. ખાનગી ગામોમાં કપાસ, જુવાર, અને વાકરમાં ડાંગર, કોદરા, બાજરી વગેરે થાયછે.

३. तालुके चोरंदा.

એમાં ૫૯ ગામ તથા ૬૧૮૦૫ માણુસની વસ્તી છે.

નદીઓ—૧ नर्मदा. २ ढाढर.

મુખ્ય ગામ—कोरल એ નર્મદા કિનારે છે. એમાં ૧૫૭૧ માણુસની વસ્તી અને સરકારી ગુજરાતી નિશાળ છે. २ चोरंदा ३ कंडारी. ४ वलण. ५ कुराई. ६ मीआगाम મુલકી તથા ફોજદારી કચેરી રેલવે સ્ટેશન પાસે છે. ७ ओझ નર્મદાને કિનારેછે. ત્યાં અધિકના જેઠ માસમાં જાત્રા ભરાય છે. ८ पाल्लीआपरा નર્મદા કાંઠે છે.

ઉપજ—કપાસ, ડાંગર, જુવાર વગેરે.

४. तालुके शीनोर.

એમાં ૫૩ ગામ તથા ૩૯૪૫૪ માણુસની વસ્તી છે.

નદીઓ—૧ नर्मदा २ ओर. એ બંને કરનાળી ગામ પાસે છે.

મુખ્ય ગામ—१ शीनोर એ નર્મદા કિનારે છે. એમાં ૬૦૪૭ માણસની વસ્તી છે. વહીવટદારની ને દીવાની કચેરીઓ તથા ગુજરાતી મરાઠી શાળાઓ છે. २ करनाली. ३ वरकाल. ४ कुकस. ५ अलाखल. ६ टींबरवा. ७ तेन.

જાણવા જોગ હકીકત-તથા તીર્થની જગા—શીનોરમાં સતાના વાંસલા અને ખરાદી કામ ઘણું સારૂં થાયછે. અહીં ભંડારેશ્વર મહાદેવની જગા છે. આ તાલુકાની હદમાં નરમદા કિનારે અનસોયા માતાનું સ્થાનક અને શ્રી વ્યાસ ક્ષેત્ર એ નામાંકિત પૂર્વનાં ધામ છે. અહીં દેશાવરના હિંદુલોકો સ્નાન કરવા અને દર્શનને માટે આવેછે. કરનાળી હિંદુઓની જાત્રાનું મોટું ક્ષેત્ર છે. એની પશ્ચિમે નર્મદા અને ઓર એ બંને નદીઓનો સંગમ થાયછે. અહીં નહાવાનું મોટું મહાત્મ ગણાય છે. કાર્તકી અને ચઈતરી પુનમ ઉપર ૫૦—૬૦ હજાર માણસનો મેળો ભરાય છે. વળી સોમેશ્વર અને કુબેરેશ્વર મહાદેવનાં મોટાં સ્થાન છે. એ ઘણાં જુનાં છે. અહીં દરસાલ શિવરાત્રિએ તેમજ મહા વદ १४ તથા ચઈતર શુદી १५ ઉપર મોટા ઉત્સવ થાયછે. સોમેશ્વર માહાદેવની સામે શ્રીમંત ગાયકવાડ સરકારે ઘાટ બંધાવેલો છે. ત્યાં સન્યાસી વિગેરે લોકોને રહેવા માટે ધર્મશાળા, અન્નછત્ર બંધ ક્યાંછે અને ગાયકવાડ માહારાજ તરફથી સદાવૃત્ત અપાયછે. બરકાલમાં કપાસ લોઢવાનો મોટો સંચો છે.

પેદાશ—તમાકુ, બાજરી, જુવાર, ઇત્યાદિ ધાન્ય, શેરડી, કપાસ વગેરે.

५. तालुके चाणोद.*

આ તાલુકામાં એકજ ગામ છે. [1]વસ્તીનો આંકડો નથી મળ્યો.

નદી—नर्मदा એને કાંઠે આ તાલુકો છે. એનો ઓવારો પથ્થરથી બાંધેલો છે. તે દૂરથી રળિયામણો દેખાય છે.

६. तालुके डभोई.

એમાં ૮૮ ગામ તથા ૫૬૧૬૯ માણુસની વસ્તી છે.

મુખ્ય ગામ—કસબે चाणोद એમાં વહીવટદારની કચેરી છે. એ અધિકારીને દીવાની ફોજદારી બંને પ્રકારનાં કામ ચલાવવાનું અધિકાર છે. એમાં શ્રી શેષસાઈજીનું સ્થાન છે. તેથી દેશાવરના હિંદુ દર્શન માટે આવેછે. વળી સાયર નાકુ પણ આ સરકારનુંજ છે.

---

*આ તાલુકાની વસ્તીનો આંકડો સેન્સસ ખાતામાંથી મળી શક્યો નથી. તે ઉપરથી બને તો તપાસ કર્યા પણ ખુલાસો ન મળી શકવાથી મહેરબાન વહીવટદાર સાહેબ તરફથી આવેલા પત્રક મુજબ કાયમ રાખ્યો છે.   १ જુની ભુગોળમાં ૩૪૧૬ માણસની વસ્તી છે.

નદીઓ—૧ ઢાઢર ૨ રંગાવ વગેરે નાની નદીઓ ઘણીછે.

મુખ્ય ગામ—૧ **डभोई** એમાં ૧૪૮૬૮ માણસની વસ્તી છે. દીવાની ફોજદારી અને વહીવટદારની કચેરી, અંગ્રેજી, ગુજરાતી અને મરાઠી શાળાઓ, સુધરાઈખાતુ, ઇસ્પિતાળ તથા પોષ્ટ-આફીસછે. ૨ **मंडाला** એ ડભોઇ લાઈનનું સ્ટેશનછે. ૩ **कारवण** એ ડભોઈ લાઇનતું સ્ટેશનછે. સિવાય જાણુવા લાયક મોટાં ગામ નથી.

જાણવા લાયક હકીકત—ડભોઇ એ ગાયકવાડી રેલવેનું મોટું સ્ટેશન છે. અહીં ખરાદી કામ, તાંબા પીતળનાં વાસણ અને પાઘડીઓ સારી થાય છે. એનો કિલ્લો જુનો નકસીદાર અને વખાણવા જોગ છે, એના પૂર્વ દરવાજા ઉપર કાળકામાતાનું થાનક છે. હીરા ભાગોળે માઇસાહેબ પીરનુ સ્થાનકછે. ત્યાં અગાઉ ધીજપતીજ થતી હતી. લાલા ટોપરીની વાવ ઉપર શ્રી રણછોડજીનું મોટું દેવળ છે. ત્યાં દર પુનમે મોટો મેળો ભરાયછે. આ ગામમાં પ્રખ્યાત કવિ દયારામ ભાઈનો જન્મ થયો હતો. અહીંથી બાઘરપુર, ચાણોદ અને કરજાણ જવાની રેલવે શ્રીમંત ગાયકવાડ સરકારની છે. પુનીઆદ ગામે લોકોનો મેળો ભરાય છે. બાઘરપુરથી વડોદરા સુધીની રેલવે ચાલુ થઈ છે.

ઉપજ—ડાંગર અને કપાસ છે.

पेटा तालुके तीलकवाडा.

એ પેટા મહાલમાં ૩૮ ગામ તથા ૭૫૨૯ માણસની વસ્તીછે.

નદી—नर्मदा.

ડુંગર—કોચીઆ ગામની હદમાં **काचीआ** નામનો ડુંગરછે.

મુખ્ય ગામ—૧ **तीलकवाडा** એ નર્મદા કાંઠે છે. એમાં વહીવટદારની કચેરી છે. ૨ **अमरोली** એમાં થાણુદાર રહેછે. ૩ **वजेठा**. તીલકવાડાથી દોઢ ગાઉ ઉપર મણીનાગેશ્વરનું દેવળ છે.

પેદાસ—બાજરી, જુવાર, ડાંગર, કપાસ અને તુવેરછે.

७. तालुके संखेडा.

એમાં ૧૪૩ ગામ તથા વસ્તી ૫૧૬૪૫ માણસની છે.

નદીઓ—૧ **ओर**. ૨ **उच्छ** એ સંખેડા પાસે ઓરને મળેછે. ૩ **हेरण**. ૪ **ढाढर**. સિવાય જાણવા લાયક નદી નથી.

મુખ્ય ગામ—કસ્બે ૧ **संखेडा** એમાં ૪૬૬૧ માણસની વસ્તી, સરકારી ગુજરાતી નિશાળ, વહીવટદારની કચેરી ને પોષ્ટ આફીસ છે. ૨ કસ્બે **बाघरपुर** એમાં થાણુદાર રહેછે. ૩ **माकणी**

૪ વામણા. ૫ ભાટપુર. ૬ ટીંબા. ૭ વડેલી. ૮ કોસીંદરા. ૯ સીતપોર.

જાણવા જોગ હકીકત—સંખેડાનો કિલ્લો બાબીનો બંધાવેલો જીર્ણ થઇ ગયો છે. અહીંનું ખરાદી કામ ઘણું સારૂં થાય છે. સોનગીરી ગામે ડુંગરી કિલ્લો છે. લોડાવગામે સરણેશ્વર માહાદેવનું દેવળ છે. ત્યાં શ્રાવણ માસમાં મેળો ભરાય છે. આખાખોડ ડુંગર ઉપર આસો શુદ ૮ મે વિધવાસની માતાનો મેળો ભરાય છે.

મોજે આખાખોડા ગામે વિધવાસની માતાનો, અછાલીઆ ગામે અછાલીઆનો, સોનગીરી ગામે સોનગડ એ નામના ડુંગરો છે. છેલ્લામાંથી સફેત પથ્થર નીકળે છે.

ઉપજ—ડાંગર, કપાસ, બાજરી, શેરડી ઇત્યાદિ.

૮ તાલુકે જરોદ.

એમાં ૧૧૫ ગામ તથા વસ્તી ૬૫૫૨૨ માણસની છે.

નદીઓ—૧ વિશ્વામીત્રી. ૨ ગોમા. ૩ કરડ. ૪ મીણી.

મુખ્ય ગામ—૧ સાવલી. એમાં ૬૨૭૫ માણસની વસ્તી છે. વહીવટદારની તથા દીવાની કચેરીઓ, પોષ્ટ આફીસ અને સરકારી ગુજરાતી નિશાળ છે. ૨સાંઢાસાલ. ૩ વાઘોડીઆ. ૪ તુંડાવ. જરોદ.

જાણવા જોગ હકીકત—આ તાલુકામાં વજપુરની ડુંગરી છે. મુવાલ ગામે આશરે ૧૦૦૦ વિઘાંનું મોટું તળાવ છે. એ પાણી સજીવન છે.

ઉપજ—ડાંગર, બાજરી, કોદરા, તુવેર, વગેરેની છે.

૯. વડોદરા તાલુકો.

એમાં ૧૩૫ ગામ તથા શહેર વડોદરાની વસ્તી બાદ કરતાં ૯૦૦૯૪ માણસની છે.

નદીઓ—૧મહી. ૨વિશ્વામિત્રી. ૩ ઢાઢર. ૪ જાંબુઓ. ૫ દુરગા. ૬ સુર્યો. સિવાય મીનીનું કોતર છે. તે ફકત ચોમાસામાં વહે છે. એનું પાણી તાણ ઘણી કરેછે.

તળાવો-શહેર વડોદરામાં—૧સરસીયું. ૨સુરસાગર. ૩ રાજે. ઇત્યાદિ અને નાનાં તળાવો ઘણાં છે.

મુખ્ય શહેર—૧ વડોદરા એ વિશ્વામિત્રીને કાંઠે છે. વં

સ્તી. ૧૦૧૮૧૮ માણસની છે, २ इटोला એ સ્ટેશન છે. ३ भायली. ४ कोयली. ५सोखडा. ६ छाणी. ७वरणामा. ८सरार. વગેરે મોટાં ગામ છે.

જાણવા જોગ હકીકત—શહેર વડોદરમાં શ્રીમંત સરકાર ગાયકવાડ મહારાજની રાજધાની છે. એમાં દીવાન સાહેબની, દીવાની ફોજદારી, વરિષ્ઠ, સીટી જડજની સીટી મુનસફની, માહાલ મુનસીફની અને મુલકી ફોજદારી કચેરીઓ છે. વળી મુલકી, લશ્કરી, દવા. કેળવણી, ઈજનેરી અને સુધરાઇ વગેરે તમામ ખાતાની મુખ્ય કચેરીઓ છે. અંગરેજી હાઇસ્કૂલ, ઈંગ્લિશ કોલેજ, વ્યાકરણ, ન્યાય, रुग्वेद२, यजुर्वेद२, અગ્નિહોત્ર, આપસ્તંબ, જ્યોતિષ પાઠશાળાઓ, ટ્રેનિંગસ્કુલ, ગુજરાતી૬, મરાઠી ૫, ઉરદુ ૧ ગુજરાતી તથા મરાઠી કન્યાશાળાઓ ૫, ગુજરાતી ફીમેલ કલાસ મળી કુલ ૩૦ નિશાળો છે. બ્રિટિશ જનરલ પોષ્ટ આફીસ રાવપુરામાં અને શહેરમાં તેની શાખા છે. નદીને સામે કાંઠે અંગરેજી લશ્કરની છાવણી, રેસિડન્સી, તાર આફીસ અને રેલવેસ્ટેશન છે. નજરબાગ, મોતીબાગ, મકરપુરા, અને સાર્વજનિક બાગ તથા તેમાંના ભવ્ય મકાનો જોવા લાયક છે. દર વરસે દેવપોઢી અગીઆરશે, આનંદચઉદશે ગણપતિની તથા આસો શુદ ૧૦ મે દશરાની એવી મોટી ત્રણ સ્વારીઓ ગાયકવાડ મહારાજની નીકળે છે. તેમાં હાથી ઉપર દેશાવરનાં લોકો જોવા આવે છે. અહીં પાઘડીઓનો વણાટ સારો થાય છે. મોતીબાગ પાસે નવું રાજમહાલનું ભવ્ય મકાન નવલખી વાવ ઉપર બંધાય છે તે, હાઇસ્કૂલ ને જમનાબાઇ ડીસ્પેન્સરીનું મકાન એ બધાં જોવાલાયક છે. ઢાઢર કાંઠે પોરગામે કાકા બળીયાનું દેવળ છે. બાજવા રેલવેસ્ટેશન છે. મકરપરામાં બાગ અને મકાન જોવા લાયક છે. શહેરને ફરતો મજબુત કોટ છે. તેને ચાર દરવાજા છે. શહેર વચ્ચે માંડવી અને ઘડીઆળ જોવા જેવી છે. કાપડ વણવાની મીલ છે એ જોવા જોગ છે.

પેદાસ—કપાસ, બાજરી, મઠ, કોદરા, ડાંગર, શેરડી, તુવેર વગેરેની છે.

---

३ प्रांत नवसारी.

એની ઉત્તરે ભરૂચ અને રાજપીપળાનું સંસ્થાન; પૂર્વે ખાનદેશ જીલ્લો; દક્ષિણે સુરત જીલ્લો તથા વાંસદાનું રાજ અને પશ્ચિમે સુરત જીલ્લો તથા આરબી સમુદ્ર છે. એમાં કુલ ગામ ૬૮૮ તથા ૨૬૭૫૬૧ માણસની વસ્તી છે. એનું ક્ષેત્રફળ સુમારે ૧૯૫૦ ચોરસ માઇલ છે.

ડુંગર— सालोटानो, ससलाडुंगरा, घोरडुंगरी, लांबीडुंगरी, शरानीडुंगरी, रायगडनो ब्रह्माडुंगर, दीवाणा, अखाडा, रानीआ आंबानो, सोमकी डुंगरी, पेटकी डुंगरी, अछाटांआ डुंगरा વગેરે

ઘણા ડુંગર અને ડુંગરીઓ છે.

સમુદ્ર—आरबी.

મુખ્ય નદિયો—१ तापी એ ગુજરાતમાં નર્મદા સિવાય બીજી બધી નદીઓ કરતાં મોટી છે. એ સાતપુડામાંથી નીકળી સુરત આગળ આરબી સમુદ્રને મળે છે. २ पुर्णा. ३ मींढोला, ४ अंबिका, ५ कावेरी, ६ कीम એ રાજપીપળાના ડુંગરગાંથી નીકળી ખંભાતના અખાતને મળેછે. વગેરે બીજી નાની નદીઓ ઘણીછે.

આ પ્રાંતના તાલુકા એક જથે નથી. પણ સુરત જીલ્લાના તાલુકા સાથે સેળભેળછે. સરકાર ખર્ચથી ૨૮ નિશાળો ચાલેછે.

મુખ્ય નિકાસ—ગામોમાં મુખ્ય ધંધો ખેતીનો છે. ખેતીની ઉપજ—ડાંગર, કોદરા, જુવાર, કપાસ, તુવેર, બાજરી, શેરડી વગેરેછે. આદુ હળદર પણ થાય છે. આ પ્રાંતના ગણદેવી ગામે શેરડી પુષ્કળ થાય છે તેથી ગોળનો મોટો વેપાર ચાલેછે. તળ નવસારીમાં કેળાંની પેદાસ બહોળી છે.

આ પ્રાંતમાં રેલવેસ્ટેશન ३ છે ને નીચે લખેલા ૮ તાલુકા તથા બે પેટા તાલુકા वाकड ने वाजपुर છે.

१. वेळाछा.	३. पलसाण.	५. सोनगड.	७. नवसारी.
२. कामरेज.	४. व्यारा.	६. महुवा.	८. गणदेवी.

१ तालुके वेळाछा.

એમાં ૮૭ ગામ તથા વસ્તી ३१५०३ માણસની છે.

નદીઓ—१ तापी, २ कीम.

ડુંગરો—अछाटीआनो, ब्रह्मानो અને दीवाणा अखाडानो ડુંગરા છે.

મુખ્ય ગામ—१ कठोर એમાં ३७७४ માણસની વસ્તી છે. મુલકી ફોજદારી કચેરીઓ, પોષ્ટઆફીસ અને સરકારી નિશાળ છે. २ वेळाछा ३ हाथरणा ४ कसुंबा ५ धळा.

पेटा तालुको—वाकड એમાં વહીવટદારની કચેરી છે.

જાણવા લાયક હકીકત—છુપાછા ગામે બાલાવીરનો માગશર શુદ ૭ મે, માંગરોળમાં મોટામીઆનો માગશર વદ ૧૧ એ અને ઢોળાવ ગામે ગાય પગલાંનો ચઈતર શુદ ૧૫ મે મેળો ભરાય છે. વળી આજ તીથિએ શાહ ગામે નદીમાંથી ઉનું પાણી નીકળે છે તેથી અહીંઆં પણ મેળો ભરાય છે.

નિકાસ—જુવાર, કપાસ, વેપારની જણસ કપાસ છે; એમાં ખાદી, આથર, પાટી વણવાનું અને જાડું વિલાયતી સફેત લુગડું રંગવાનું કામ સારૂ થાયછે.

२ कामरेज तालुको.

એમાં ૫૮ ગામ તથા ૨૫૯૬૭ માણસની વસ્તીછે.

નદીઓ—तापी એ આ પરગણાની ઉત્તર સીમા કરેછે.

મુખ્ય ગામ-૧ વરીઆવ એમાં ૨૮૬૩ માણસની વસ્તી સરકારી નિશાળ, વહીવટદારની કચેરી છે. ૨ कामरेज એમાં શ્રી નારદમુની બ્રહ્માની મૂર્તિ ભોંયરાગાં જોવાલાયક છે. ૩. खोदवड અહીંના વોહોરા લોકો દોટીઓ વણેછે. તેમજ તાપીના બાઠામાં રંગાટનું કામ થાય છે. ૪ सुंपनी મોજે ભેરવ ગામે મુક્ષનાથ મહાદેવનો મેળો ભરાય છે.

પેદાશ—જુવાર, કપાસ, ડાંગર, બાજરી.

३ पलसाणा तालुको.

એમાં ૬૩ ગામ તથા વસ્તી ૨૨૯૦૯ માણસની છે.

નદી—माढोला.

મુખ્ય ગામ—૧ पलसाणा એમાં ૨૩૭૫ માણસની વસ્તી. વહીવટદારની કચેરી અને સરકારી નિશાળ છે. ૨ वलेश्वर, ३ बगसरा, ४ बहोसा.

પેદાસ—ડાંગર, જુવાર, કપાસ.

४ तालुके व्यारा.

એમાં ૧૫૫ ગામ તથા વસ્તી ૪૭૯૪૭ માણસની છે.

નદીઓ—१ पुर्णा. २ ओबंका. ३ मदाव. ४ झांखरी એ દક્ષિણે અને ૬ तापी ઉત્તરે છે.

ડુંગરો—આ તાલુકાની દક્ષિણે આવેલા—सरानो, रानीआ

आंबानो, ઉત્તરે सोमकी અને पेटकी ડુંગરો છે.

મુખ્ય ગામ—૧ व्यारा એમાં ૩૬૯૬ માણસની વસ્તી, મુલકી ફોજદારી અને દીવાની કચેરી, પોષ્ટઓફીસ અને નિશાળ છે. २ अंतापुर, ३ कानपरा, ४ डालवाण, ५ बेडाबार, ६ बंडा, ७ कपुरा, ८ कोळकुई વગેરે મોટાં ગામ છે.

જાણવા જેવી હકીકત—ખંભાલીઆ ગામે ઉનાઈમાતાનું સ્થાનક છે. તેની પડમાંજ ઉન્હા પાણીના કુંડ છે. તેમાં બારે માસ ઉનું પાણી રેહે છે. અહીં ચઈત્ર શુદ ૧૫ ઉપર મેળો ભરાય છે તે વખતે એક કુંડનું પાણી નહાવા સરખું થાયછે. બાલપોર ગામે કદમેશ્વર મહાદેવનું દેવળ અને ટાઢા પાણીના કુંડ છે. અહીં મહાવદ ૧૪ નો મોટો તેમજ દર શિવરાત્રિએ મેળો ભરાય છે. તે વખતે આવેલા લોકો એ કુંડમાં નહાય છે.

ઉપજ—ડાંગર ઘણી પાકે છે, જુવાર, તુવેરો પણ થાયછે.

५. तालुके सोनगड.

એમાં ૧૫૨ ગામ તથા વસ્તી ૨૯૯૨૨ માણસની છે.

નદીઓ—१ तापी, २ पर्णा.

ડુંગર—सालोटानो, સિવાય નાના ડુંગરો ઘણા છે.

ડુંગરી કિલ્લા—सोनगड, रुपगड, सलतानगड, बाजपुर, અને भोंय કિલ્લો એ જોવા લાયક છે.

મુખ્ય ગામ—૧ सोनगड એમાં ૨૩૫૪ માણસની વસ્તી, વહીવટદારની કચેરી છે. સિવાય જાણવા લાયક ગામ નથી, અહીંના પહુંચા સારા થાયછે. આ તાલુકો ઘણું કરી ડુંગરોથી વિંટાયલો છે.

पेटा महाल—बाजपर છે.

પેદાસ—ડાંગર, કોદરા છે.

६ महुवा तालुको.

આમાં ૭૭ ગામ તથા વસ્તી ૩૨૬૨૮ માણસની છે.

નદીઓ—१ पणा, २ आंबिका, ३ कावेरी.

મુખ્ય ગામ—महुवा એમાં ૧૪૮૫ માણસની વસ્તી ને વહીવટદારની કચેરી છે. २ अनावल, ३ नलवाडा.

પેદાસ—ડાંગર, જુવાર વગેરે.

૭. तालुके नवसारी.

એમાં ૬૫ ગામ તથા ૪૯૦૦૨ માણસની વસ્તી છે.

સમુદ્ર—**आरबी** આ તાલુકાની આથમણી દિશાએ છે.

નદીઓ—**पूर्णा** આ તાલુકાની દક્ષિણ સીમા કરે છે. ૨ मींढोळा ઉત્તરે છે.

મુખ્ય ગામ—૧ नवसारी એમાં ૧૪૯૨૪ માણસની વસ્તી, ગુજરાતી મરાઠીશાળા, પ્રાંત જડ્જ, પ્રાંતસુબાની અને દીવાની ફોજદારી કચેરીઓ, પોષ્ટ આફીસ તથા રેલવે સ્ટેશન છે. એમાં સર જમસેદજી જીજીભાઇ તરફથી અંગ્રેજી, ગુજરાતી, ને કન્યાશાળા મળી ૩ નિશાળો તથા કામાવાળા પેસતનજી તરફથી મદ્રેસા હાઇસ્કૂલ છે. ૨ चोवीसी, ૩ पावलोआ, ૪ रेशमा, ५ डाभल, ૬ तवडा, ૭ आमली, ૮ मरोली રેલવે સ્ટેશન, ૯ उमराटा વગેરે મોટાં ગામ છે.

જાણવા જોગ હકીકત—ભાટા ગામે મીઠું ઉત્પન્ન થાયછે. તળ નવસારીમાં પારસીની વસ્તી ઝાઝી છે અહીંનાં હવા પાણી સારાં હોવાથી કેટલીક મુદત સુધી શ્રીમંત સરકાર આવી રહે છે.

પેદાસ—જુવાર, કપાસ, ડાંગર, શેરડી, કેળાં, અનનાસ, દ્રાક્ષ વગેરે મેવો પણ ઘણો થાયછે. ફણસ પણ થાયછે.

૮ तालुके गणदेवी.

એમાં ૩૧ ગામ તથા વસ્તી ૨૯૬૮૩ માણસની છે.

નદીઓ—१ कावेरी, २ अंबिका, ३ वगणी,

ડુંગર—ससलाधार અને लांबी ડુંગરીઓ છે.

મુખ્ય ગામ—१ गणदेवी એમાં ૭૦૩૫ માણસની વસ્તી, ગુજરાતી, ઉર્દુ નિશાળ; વહીવટદારની કચેરી અને પોસ્ટઑફીસ છે. ૨ बीलीमोरा રેલવે સ્ટેશન છે. એ ગામમાં વહાણ તથા હાથીદાંતનું કામ પણ સારૂં થાયછે. અહીંથી ૪ ગાઉ ઉપર

સમુદ્ર છે. ધમડાછા ગામની કેરીઓ સારી વખણાય છે.

ઉપજ—શેરડી પુષ્કળ થાયછે. તેથી અહીંના ગોળ દેશાવર ઘણો જાયછે. સિવાય ડાંગર, આદુ, હલદર, કેળાં, અનનાસ, ફણસ વગેરે થાયછે.

૪ प्रांत अमरेली.

આ પ્રાંત કાઠિયાવાડ ઈલાકામાં વિખરાતો આવેલો છે. એનું ક્ષેત્રફળ સુમારે ૧૫૬૦ ચો. માઇલ છે. એ પ્રાંતમાં એકંદર ગામ ૨૯૨ તથા ૧૪૪૦૪૪ માણસની વસ્તી છે.

મુખ્ય નદીઓ—૧ શેત્રુંજી ધારી તાલુકાના ડુંગરમાંથી નીકળી અમરેલી તાલુકામાં થઈને પાલીતાણાના ડુંગર પાસે થઈ ખંભાતના અખાતને મળે છે. २ वडी, ३ ढवी, ४ घातरवडी, ५ ओखा, ६ गोमती, ७ केरी વગેરે નાની નદીઓ ઘણી છે.

આ પ્રાંતના લોકોનો મુખ્ય ધંધો ખેતીનો છે. અહીંના ઘણા લોકો દેશાવર વેપાર રોજગારને અર્થે જાય છે. સરકાર ખર્ચે કુલ નિશાળો ૩૧ ચાલે છે.

ડુંગર—१ मलदवांकानी डुंगरी, २ मोढवाडनी डुंगरी.

સમુદ્ર—आरबी એ કોડીનાર તાલુકાની દક્ષિણે છે.

મુખ્ય ઉપજ—જુવાર, બાજરી, કપાસ, ઘઉં, ચણા, કમોદ, મગ, અડદ, ગોળ, તલ વગેરે છે.

આ પ્રાંતમાં નીચે લખ્યા પ્રમાણે ૫ તાલુકા છે. પેટાતાલુકા सीयानगर અને भांमकटा છે.

१ दामनगर. २ अमरली. ३ धारी. ४ कोडीनार. ५ ओखामंडळ,

१. तालुके दामनगर.

એમાં પેટા તાલુકા સીયાનગર સુધાં ૩૪ ગામ તથા વસ્તી ૧૯૧૮૪ માણસની છે.

નદીઓ—१ केरी. २ कालु.

ડુંગર—શાખપુર પાસે નાની ડુંગરીનો ઢોળાવ છે.

મુખ્ય ગામ—૧ दामनगर એમાં ૨૧૯૦ માણુસની વસ્તી, સરકારી નિશાળ અને વહીવટદારની કચેરી છે. ૨ चावड ૩ शाखपुर, ૪ वाडरसींगा, ૫ *राजकोट, ६ काचरडी, ७ हापोर. ८ पेटातालुको [1] सियानगर એમાં મહાલકરી રહે છે તથા ૬૮૩ માણુસની વસ્તી છે.

ઉપજ—જુવાર, બાજરી, ઘઉં, તલ, ચણા, કઠોળ, શેરડી વગેરે.

२ अमरेली तालुको.

એમાં પેટા તાલુકા અને છાવણી સાથે ૬૦ ગામ તથા ૪૪૪૫૩ માણુસની વસ્તી છે.

નદીઓ—१ शेत्रुंजी, २ वडी, ३ ठेबी, ४ धातरवडी.

મુખ્ય ગામ—१ अमरेली એમાં ૧૩૬૪૨ માણુસની વસ્તી, મરેઠી, ગુજરાતી, કન્યાશાળા અને અંગ્રેજી નિશાળ, ઇસ્પિતાળ, પોષ્ટ આફીસ, સુધરાઇખાતુ, પ્રાંતજડજ, પ્રાંત સુબા, દિવાની ફોજદારી અને વહીવટદારની કચેરીઓ છે. અહીં આસિસ્ટંટ રેસિડેન્ટ રહેછે. २वांकीआ, ३ मोटा आकडीआ, ४ ताजीआवदर, ५ वरसडा.

કારીગરીની વસ્તુઓ—ચાંદીની સરસ જીલેદાર જણુસો અને ઓઢવાના ચોફાળ ઘણા સરસ થાય છે.

જાણવા જોગ જગા—શ્રી નાગનાથ મહાદેવનું દેવળ તથા ફરતી ધર્મશાળાઓ છે.

पेटा तालुके—भीमकटा એમાં મહાલકરી રહેછે. વસ્તી ૯૯૪ માણુસની છે. અહીં વરસાદ બહુ થોડો થાય છે. પશ્ચિમ કાંઠે નદીપરછે તેમાં ઝાર આવેછે તેથી આસપાસની જમીન રેલાઇ જાયછે. એથી જુવાર અને ચણા પાકેછે.

લશ્કર છાવણી—माणेकवाडा એમાં વસ્તી ૨૭૮૬ માણુસની છે. ગુજરાતી તથા મરાઠી નિશાળો છે.

---

* કાઠિયાવાડ એજન્સીનું મુખ્ય મથક રાજકોટ તે આ સમજવું નહિ.
૧ આ તાલુકાનાં ગામ ૮ તથા વ. ૫૦૧૬ ઉપલા તાલુકામાં આવ્યાં છે.

ઉપજ—જુવાર, બાજરી, કપાસ, ઘઉં, ચણા, ગગ, અડદ, કમોદ, ગોળ.

३. धारी तालुको.

એમાં ૮૪ ગામ તથા વસ્તી ૨૯૨૩૩ માણસની છે.

નદીઓ—१ शेत्रुंजी २धातरवडी, ३ सोम વગેરે.

મુખ્ય ગામ—१ धारी એમાં ૩૩૬૯ માણસની વસ્તી, બહીવટદારની કચેરી, સરકારી નિશાળ અને પોષ્ટ આફીસ છે. २ चलाळा, ३ सरमडा, ४ खांभा.

કારીગરીની વસ્તુઓ—ઘોડાનો સામાન અને તરવારનાં મેન સારાં થાયછે.

જાણવા લાયક જગા—ધારી ટેકરા ઉપર છે એ ટેકરાની તળેટી આગળ ગામ ભણીથી પાણીનાં ઝરણ હમેશાં વહેછે. ગળધારો ડુંગર ધારી નજીકછે.

ઉપજ—બાંજરી, જુવાર.

४ तालुके कोडीनार.

એમાં ૭૧ ગામ તથા વસ્તી ૩૧૧૮૯ માણસની છે.

સમુદ્ર—आरबो તાલુકાની દક્ષિણે છે.

નદીઓ—सींगवाडी, २सोम, ३रुपण એ બધી નાની નદીઓછે.

ડુંગરીઓ—मुलदवांकानी અને मोढवाडनी.

મુખ્ય ગામ—कोडीनार એમાં ૬૫૪૨ માણસની વસ્તી છે. મુલકી ફોજદારી તથા દીવાની કચેરી, ગુજરાતી નિશાળ અને પોષ્ટ આફીસ છે. २ वांटवड. ३ डोळासा, ४ खांभां, ५ देवली ६ सरखडी, ७ छारा, ८ आरणोज, ९ वडनगर.

तीर्थनी જગા—મુલદવારકાંની ડુંગરીમાં ગંગનાથ મહાદેવની, ઘાંટવડમાં રૂદ્ર ગયાની અને ખાદપુકાર ગામે પુષ્કરાજની જગાઓ છે.

જાણવા જોગ હકીકત—કોડીનારથી દરીયો નજીકછે તેથી કેટલાક લોક જળ માર્ગે જા આવ કરેછે.

ઉપજ—કપાસ, ઘઊં, ડાંગર, બાજરી, જુવાર, ગોળ, તલ, ચણા વગેરે.

૯ तालुके ओखामंडळ.

એમાં ૪૩ ગામ તથા ૧૯૯૮૫ માણસની વસ્તી છે.

સમુદ્ર—આરબી એને લોકો અહીં રત્નાકર કહેછે.

નદીઓ—૧ ઓખા, ૨ ગોમતી બંનેઆરબીસમુદ્રનેમળેછે

તળાવ—સાગળેશ્વરની હદમાં ગોપતિળાવ છે.

મુખ્ય ગામ—૧ દ્વારકાં એમાં ૫૮૪૦ માણસની વસ્તી, દીવાની ફોજદારી અને વહીવટદારની કચેરીઓ, સુધરાઈ ખાતું, પોષ્ટઆફીસ. ૨ ગુજરાતી, કન્યાશાળા, વેદશાળા, પાઠશાળા અને હસ્પિતાળછે. ૨ બેટસંખોધાર, ૩ વરવાળા, ૪ અરંભડા, ધીણકી

તીર્થની જગા—દ્વારકાં પશ્ચિમ હિંદુસ્થાનમાં એ મોટામાં મોટું ધામ છે. એમાં શ્રી દ્વારકાંધીશનું મંદીર છે. શ્રી સતભામાનું, શ્રી લક્ષ્મીજીનું, શ્રી રાધીકાજીનું અને શ્રી જાંબુવંતીજીનું દેવળ છે. એ દેવળો પુરાતની અને સુંદર બાંધણીનાં છે. સમુદ્રનો ફાંટો દક્ષિણ બાજુએ શ્રી ગોમતીને મળેછે. ત્યાં આગળ નહાવાનું ઘણું મહાત્મછે અને એમાં શંખ, ચક્ર અને પદ્મ એ ઈશ્વરી ચમત્કારથી ઉત્પન્ન થાયછે. ગોપીતળાવમાં ગોપીચંદન થાયછે. બેટ શંખોધારમાં દ્વારકાંધીશની મૂર્તિને દેવળ છે.

વેપારની જણસો—મીઠું દરિયા ને રણમાં આપોઆપ પુષ્કળ ઉત્પન્ન થાયછે. તેનો બહોળો વેપાર ચાલેછે. કાપડ, મણીઆર કામ, ભુસાર (અનાજ), ગુગળ, ચૂનો અને સફેત પથ્થરનો પણ રોજગાર ચાલેછે.

જાણવા જોગ હકીકત—આ તાલુકામાં વાઘેરની વસ્તી ભારે છે. એ લોકોનું ૧૯૨૬ ની સાલમાં મોટું બંડ જાગ્યું હતું તે નામદાર અંગરેજ સરકારની મદદથી સમી ગયા પછી ત્યાં બંદોબસ્ત સારૂ એક આસિસ્ટંટ રેસિડેન્ટ અને પલટણ રહેછે

ઉપજ—બાજરી, જુવાર, ગવાર.

સમાપ્ત.